ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૮/૨૦-૨૧/ 3530 તારીખ : 14 OCT 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૮/૨૦-૨૧

પ્રતિ,
**મે. સ્ટીલબીઝ ઈન્ડસ્ટ્રીઝ,**
**સર્વે નં-૫૨ પૈકી-૧,**
**ભાવનગર વલ્લભીપુર હાઈવે,**
**મું. ઘાંઘળી,**
**તા.શિહોર,**
**જી. ભાવનગર.**
**મો.નં. ૭૫૭૫૦ ૫૭૫૦૦/૯૮૨૫૯ ૯૮૫૦૦**

**વિષય : આપના નવા એચ.ટી.કનેકશન ના વિજ જોડાણમાં એચ.ટી.લાઈન અંડર ગ્રાઉન્ડ પ્રપોઝ નહી કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૧/૦૯/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૪/૦૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૮/૨૦-૨૧/૩૨૩૮ તા.૧૮/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૮/૨૦-૨૧/૩૨૬૬ તા.૧૯/૦૯/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૩૦/૦૯/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૩૮/૨૦–૨૧**

વાદી :– મે.સ્ટીલબીઝ ઈન્ડસ્ટ્રીઝ,

◊ વિરૂધ્ધ ◊

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– તા.૩૦/૦૯/૨૦૨૦** ◆

હાજર રહયા :– શ્રી અમીનભાઈ હારૂનભાઈ ભલા – (વાદી ના પાર્ટનર)

પ્રતિવાદી :– શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે.સ્ટીલબીઝ ઈન્ડસ્ટ્રીઝ, મું.ઘાંઘળી, તા.શિહોર, જી.ભાવનગર ની નવા એચ.ટી.કનેકશન ના વિજ જોડાણમાં એચ.ટી.લાઈન અંડર ગ્રાઉન્ડ પ્રપોઝ નહી કરવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૮/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી,વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૮/૨૦–૨૧/૩૨૩૮ તા.૧૮/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૩૦/૦૯/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી મે.સ્ટીલબીઝ ઈન્ડસ્ટ્રીઝ વતી તેમના પાર્ટનર શ્રી અમીનભાઈ હારૂનભાઈ ભલા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.સી.પંચાલ – કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ <u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

<u>ફોરમને તા.૧૧/૦૯/૨૦૨૦ ના રોજ કરેલ લેખિત અરજી મુજબ રજુઆત.</u>

(1) અમોએ અમારા યુનિટ ના 4000 KVA ના વિજ જોડાણ મેળવવા કાર્યપાલક ઈજનેર સાહેબ, રૂરલ ડિવિઝન, ભાવનગર ને તા.૨૭/૦૭/૨૦૨૦ તથા તા.૦૬/૦૮/૨૦૨૦ ના રોજ અરજી કરેલ. જેમના અનુસંધાને, કાર્યપાલક ઈજનેર સાહેબ દ્વારા તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજ અમોને એસ્ટીમેટ ઈસ્યુ કરવામાં આવેલ છે. જે એસ્ટીમેટ માં અમોને HT લાઈન અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ લાઈન પ્રપોઝ કરી એસ્ટીમેટ આપવામાં આવેલ છે. જેમની સામે અમોએ કાર્યપાલક ઈજનેર સાહેબ તથા ચીફ ઈજનેર સાહેબ ને રજૂઆત કરી અમારી HT લાઈન નો રી સર્વે કરાવી ફકત અન્ડર ગ્રાઉન્ડ લાઈન પ્રપોઝ કરી ફરીથી એસ્ટમેટ ઈસ્યુ કરવાની માંગણી કરવામાં આવેલ છે. જે અમારી માંગણી સ્વીકારવામાં આવેલ નથી. તથા અમોને પ્રોપર જવાબ આપવામાં આવેલ નથી. જેમની સામે અમારે ફરીયાદ હોઈ, આપ સાહેબને આ ફરીયાદ નું નિરાકરણ લાવવા અરજી કરીએ છીએ. તથા અમારી રજૂઆત નીચે પ્રમાણે છે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ના પત્ર નં– GUVNL/HT/TECH-2/DE-1/HT PER KVA COST/ 1548 dtd.06.08.2020 દ્વારા પારા નં–૫ અને ૬ માં જણાવવામાં આવે છે કે,

(5) In Case of new connection, the technical feasibility for releasing new connection is to be assessed from nearby feeder only and in Case of extension in Demand, the feasibility is to be assessed from Existing feeder only.

(6) If the Normal distribution System Is underground and nearby feeder is also having underground network, then new connection shall be proposed with underground cable network only. Similarly, for extension of HT line from Existing underground feeder shall be with undergound cable network only and for such underground works, actual cost incurred shall be recovered as per the prevailing practise.

આમ, ઉપરોકત પારામાં જણાવવામાં આવેલ છે કે, જો નોર્મલ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ અન્ડરગ્રાઉન્ડ હોય અને નજીકના તથા આજુબાજુ ના ફીડર અન્ડરગ્રાઉન્ડ હોય તો, નવા કનેકશન ની માંગણી કરવામાં આવે તો, ફકત અન્ડરગ્રાઉન્ડ કેબલથી HT લાઈન આપવાની તેવું સ્પષ્ટ જણાવવામાં આવે છે. આથી, અમારા યુનિટ નું HT વિજ જોડાણ નેસડા સબ સ્ટેશનમાંથી પ્રપોઝ કરવામાં આવેલ છે. જે સબ સ્ટેશનમાંથી HT લાઈન હાઈવે સુધી અંદાજે 0.5 Km લાઈન ઓવરહેડ નાખવી શકય ન હોઈ, અન્ડરગ્રાઉન્ડ પ્રપોઝ કરવામાં આવેલ છે. ત્યારબાદ,ની લાઈન ઓવરહેડ પ્રપોઝ કરવામાં આવેલ છે. જયારે, અમારી માંગણી એવી છે કે, નેસડા સબ સ્ટેશનમાંથી પાંચ HT લાઈન જે અન્ય ઈન્ડસ્ટ્રીઝ ને આપવામાં આવેલ છે તે



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

અન્ડરગ્રાઉન્ડ કેબલ થી આપવામાં આવેલ છે. જે યુનિટ ના નામો નીચે પ્રમાણે છે.

(૧) અર્શ ઈન્ડસ્ટ્રીઝ

(૨) સ્કાય એલોયઝ

(૩) ઈલાફ સ્ટીલ ( આ યુનિટ અમારી બાજુમાં એક જ કોમન દિવાલ થી જોડાયેલ છે.)

(૪) પ્રમુખરાજ સ્ટીલ

(૫) સફા એલોયઝ.

આમ, આ ઉપરોકત પાંચ HT વિજ જોડાણ અન્ડરગ્રાઉન્ડ કેબલથી જ આપવામાં આવેલ છે. આથી, અમારી માંગણી છે કે GUVNL ના પરિપત્ર પ્રમાણે પારા નં–૫ અને ૬ પ્રમાણે જો નોર્મલ ડિસ્ટ્રીબ્યુશન સીસ્ટમ અન્ડરગ્રાઉન્ડ હોય અને નજીકના ફીડર અન્ડરગ્રાઉન્ડ નાખેલ હોઈ, તો નવા કનેકશન ફકત અન્ડરગ્રાઉન્ડ કેબલ દ્વારા આપવાના છે. જયારે, ઈલાફ સ્ટીલ તો અમારી બાજુમાં છે. અને એક જ કોમન દિવાલ થી જોડાયેલ છે. જેમને પણ HT લાઈન અન્ડરગ્રાઉન્ડ કેબલ દ્વારા આપવામાં આવેલ છે. આથી, અમારી માંગણી છે કે, અમારા યુનિટ ને પણ HT લાઈન અન્ડરગ્રાઉન્ડ પ્રપોઝ કરીને ફરીથી એસ્ટીમેટ આપવામાં આવે.

**(2)** હાલમાં, મીરીયા ઈન્ડસ્ટ્રીઝ 4000 KVA HT નવા વિજ જોડાણ ની માંગણી કાર્યપાલક ઈજનેરશ્રી, રૂરલ ડિવિઝન, ભાવનગર ને કરતા, તેમના દ્વારા ઓવરહેડ લાઈન પ્રપોઝ કરીને આગળ મંજૂરી અર્થે ચીફ ઈજનેર સાહેબને મોકલતા, ત્યાંથી ઓવરહેડ લાઈન ને બદલે, અન્ડરગ્રાઉન્ડ લાઈન પ્રપોઝ કરવા જણાવવામાં આવતા, ઓવરહેડ લાઈન ને પણ અન્ડરગ્રાઉન્ડ પ્રપોઝ કરી એસ્ટીમેટ આપવામાં આવેલ. આમ, મીરીયા ઈન્ડસ્ટ્રીઝ ની આજુબાજુ ઓવરહેડ લાઈન નેટવર્ક હોવા છતાં પણ, અન્ડરગ્રાઉન્ડ લાઈન પ્રપોઝ કરી એસ્ટીમેટ આપવામાં આવેલ છે. અને પછી અમારી તો આજુબાજુમાં તમામ HT લાઈન અન્ડરગ્રાઉન્ડ છે. છતાં પણ પરાણે અમારી HT લાઈન અન્ડરગ્રાઉન્ડ તથા ઓવરહેડ એમ પ્રપોઝ કરવામાં આવે છે. આવુ શું કામ ? ડબલ સ્ટાન્ડર્ડ અપનાવવામાં આવે છે.

**(3)** અમારા યૂનિટ ના નવા HT કનેકશન ની લાઈન જો અન્ડરગ્રાઉન્ડ પ્રપોઝ કરવામાં આવે તો, તે લાઈન ટેકનીકલ રીતે ફીઝીબલ છે. આથી, આમ પહેલા અન્ડરગ્રાઉન્ડ લાઈન ત્યારબાદ ઓવરહેડ લાઈન એમ બે ભાગમાં લાઈન પ્રપોઝ કરવામાં આવેલ છે. તેના બદલે ફકત અન્ડરગ્રાઉન્ડ લાઈન પ્રપોઝ કરવામાં આવે તેવી અમારી માંગણી છે.

**(4)** ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ દ્વારા જે ઉપરોકત પત્ર લાઈન ચાર્જીસ અંગેનો બહાર પાડવામાં આવેલ છે, કે જે GERC પીટીશન નં–૧૮૨૯/૨૦૧૯ ના તા.૦૭/૦૭/૨૦૨૦ ના ઓર્ડર મુજબ બહાર પાડવામાં આવેલ છે. જે GERC ના ઓર્ડરમાં કયાંય પણ એવું કહેવામાં આવેલ નથી કે, કન્ઝયુમર ને HT કનેકશન ફકત ઓવરહેડ લાઈન થી પ્રપોઝ કરવાની છે. અને અન્ડરગ્રાઉન્ડ લાઈન પ્રપોઝ કરવાની જ નથી, આથી જો કાર્યપાલક ઈજનેર દ્વારા ઉપરોકત પરિપત્ર નું ખોટું અર્થઘટન કરીને અમોને અન્ડરગ્રાઉન્ડ કમ ઓવરહેડ લાઈન પ્રપોઝ કરેલ છે. તે તદન ગેરવ્યાજબી છે.

Grievance Redressal Forum ... L. ... Bhavnagar

(5) GERC ના પીટીશન નં–૧૮૨૯/૨૦૧૯ તા.૦૭/૦૭/૨૦૨૦ ના ઓર્ડર પ્રમાણે જો, HT ગ્રાહક ચાહે તો, HT લાઈન ની માંગણી અન્ડરગ્રાઉન્ડ લાઈન દ્વારા કરી શકે છે. અન્ડરગ્રાઉન્ડ લાઈન માંગવાનો અધીકાર ગ્રાહક પાસે છે. જેથી, અમો અમારા દ્વારા માંગણી કરવામાં આવેલ છે. અમારી HT લાઈન અન્ડરગ્રાઉન્ડ દ્વારા પ્રપોઝ કરી ફરીથી એસ્ટીમેટ આપવો. જે અમારી માંગણી સ્વીકારવામાં આવેલ નથી.

(6) GUVNL ઉપરોક્ત પત્ર ના પારા નં–૭ માં કહેવામાં આવેલ છે કે,

7. If the HT new connection/ additional load is proposed from an Overhead network/feeder, the proposed HT Line shall be erected overhead only. the underground cable line shall be laid only in those parts of the line route where eraction Of overhead line is technically not feasible. The actual cost of such underground part of the line is with underground components shall be recovered as per actual cost incurred as per the prevailing practise over and above the per KVA based recovery of charges.

આમ, ઉપરોક્ત GUVNL ના પરીપત્ર ના પારા નં– ૭ માં જણાવ્યા પ્રમાણે જયાં ઓવરહેડ લાઈન નેટવર્ક જોઈએ ત્યાંજ નવી HT લાઈન ઓવરહેડ પ્રપોઝ કરવાની છે. ઉપરોક્ત પારા નં– ૭ અમારા કેસમાં લાગુ પડતુ નથી, આ અંગે PGVCL દ્વારા ખોટું અર્થઘટન કરી, અમોને ઓવરહેડ લાઈન પ્રપોઝ કરવામાં આવે છે, તે અમારી સાથે અન્યાય થાય છે.

(7) PGVCL દ્વારા જો અમારી HT લાઈનને અન્ડરગ્રાઉન્ડ પ્રપોઝ કરવામાં આવે તો, અન્ડરગ્રાઉન્ડ લાઈનનો ચાર્જીસ એકચ્યુઅલ કોસ્ટ પ્રમાણે લેશે. એટલે કે, આ અન્ડરગ્રાઉન્ડ લાઈન નાખવાની જે કાંઈ ખર્ચ થશે તે પૂરેપૂરો ખર્ચ ગ્રાહક પાસેથી વસૂલશે. જેથી, PGVCL ને અન્ડરગ્રાઉન્ડ લાઈન નાંખવાથી કોઈપણ જાતનું નુકશાન થશે નહી. આથી, આ બાબતને ધ્યાને લઈ, અમારી અન્ડરગ્રાઉન્ડ લાઈન પ્રપોઝ કરવાની માંગણી સ્વીકારી અમોને ન્યાય આપવામાં આવે.

(8) અમારા યુનિટ ના નવા HT વિજ જોડાણમાં અન્ડરગ્રાઉન્ડ તથા ઓવરહેડ લાઈન એમ બન્ને લાઈન નો સમાવેશ થતો હોય, અમોને અન્ડરગ્રાઉન્ડ લાઈન ચાર્જીસ રૂા.૯,૦૬,૦૧૭/– તથા ઓવરહેડ લાઈન ચાર્જીસની રકમ રૂા.૧૮૦૦/કિવીએ ના રૂા.૭૨,૦૦,૦૦૦/– મળશે. કુલ રૂા.૮૧,૦૬,૦૧૭/– નો એસ્ટીમેટ આપવામાં આવેલ છે. જો, HT લાઈન અન્ડરગ્રાઉન્ડ પ્રપોઝ કરવામાં આવે તો, રૂા.૩૦,૦૦,૦૦૦/– નો અંદાજીત ખર્ચ થાય છે. આથી, આમ અમારે રૂા.૫૧,૦૦,૦૦૦/– નો લાઈન ચાર્જીસ વધારે ભરવાનો થાય છે. જેથી, અમારા પ્રોજેકટ કોસ્ટ માં ૧૦ % નો વધારો થાય છે.

જે હાલની કોવિડ–૧૯ પરિસ્થિતિમાં નાણાંકીય કટોકટીની પરિસ્થિતિમાં ભરપાઈ કરી શકીએ તેમ નથી. અને જો, અન્ડરગ્રાઉન્ડ લાઈન પ્રપોઝ કરવામાં આવે તો, PGVCL અમારી પાસેથી એકચ્યુઅલ લાઈન કોસ્ટ વસુલ કરશે. જેમાં, PGVCL ને કાંઈ નુકશાન થશે નહી. અમો, અમારા યુનિટ ની લાઈન ચાર્જીસ એકચ્યુઅલ કોસ્ટ પ્રમાણે આવે છે, તે ભરવા તૈયાર છીએ. એકચ્યુઅલ લાઈન કોસ્ટ કરતા વધારે રૂા.૫૧,૦૦,૦૦૦/– જેવી રકમની માંગણી કરેલ છે. જે કુદરતી ન્યાય ના સિધ્ધાંત ની વિરૂધ્ધ છે. જેને ધ્યાનમાં રાખી, ન્યાય કરવા વિનંતી છે.



P.G.V.C.L. Bhavnagar.

(9) માનનીય ચીફ મીનીસ્ટરશ્રી રૂપાણી સાહેબ દ્વારા ગુજરાત માં ધંધા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા તથા ગુજરાતમાં રોજગારની તકો વધારવા હાલમાં નવી ઔદ્યોગીક નિતિ જાહેર કરવામાં આવેલ છે, તથા આપણા દેશના માનનીય પ્રાઈમ મીનીસ્ટરશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વનિર્ભર ભારત અભિયાન ચલાવવામાં આવી રહયું છે, આવી સ્થિતિમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવુ જોઈએ. આ પરિસ્થિતિમાં PGVCL ગ્રાહક પાસેથી લાઈન ચાર્જીસની રકમ GUVNL તથા GERC ના ઓર્ડરના ખોટા અર્થઘટન કરી, વસૂલવામાં આવશે તો, ગુજરાતમાં આવતા નવા ઉદ્યોગો ભાંગી પડશે.

આમ, ઉપરોક્ત તમામ હકીકત ને ધ્યાને લઈ, અમારા યુનિટ ના HT લાઈન ની અન્ડરગ્રાઉન્ડ આપવા તથા આ HT લાઈન નો થતો ખર્ચ એકચ્યુઅલ કોસ્ટ પ્રમાણે વસૂલ કરવાની અમારી માંગણી સ્વીકારવા વિનંતી.

**<u>ફોરમને તા.૩૦/૦૯/૨૦૨૦ ના રોજ કરેલ લેખિત અરજી મુજબ રજુઆત.</u>**

(૧) કાર્યપાલક ઈજનેર સાહેબ દ્વારા જણાવવામાં આવેલ છે કે, નેસડા સબ સ્ટેશન માંથી ટોટલ ફીડર જે નીકળેછે. તેમનું લીસ્ટ આપવામાં આવેલ છે. જેમની સામે અમારી રજૂઆત છે કે,

(૧) ખાખરીયા જેજીવાય ફીડર ઓવરહેડ :

આ ઉપરોકત ફીડર અમારી નજીકમાં નથી આ ફીડર સબ સ્ટેશનમાંથી નીકળી ભાવનગર તરફ જાય છે. જે અમારા યુનિટથી ખૂબ જ દૂર છે. અને અંદાજે ૨.૫ કિ.મી દૂર છે.

(૨) પ્રયાગ HT EXP. ઓવરહેડ :

આ ફીડર સબ સ્ટેશનમાંથી નીકળી હાઈવે પર પસાર થતી નથી. જે પાછળના ગાડા ખેડૂ માર્ગ પર થઈને પસાર થાય છે. જે ફીડર અમારાથી દૂર છે.

(૩) ઈલાફ ફીડર, પ્રમુખરાજ ફીડર, સલાસર ફીડર :

આમ આ ઉપરોકત ત્રણેય ફીડર અમારી નજીકના છે. જયારે, ઈલાફ તો અમારી બાજુમાં એક જ દિવાલથી જોડાયેલ છે. જયારે, પ્રમુખરાજ ફીડર અમારા યુનિટ ની સામેથી જ પસાર થાય છે. જયારે, સલાસર ફીડર અમારી નજીક આવે છે. આથી, આમ આ ત્રણેય ફીડર અમારી નજીકના છે. અને તેમને અન્ડરગ્રાઉન્ડ લાઈન થી પાવર સપ્લાય આપવામાં આવેલ છે.

આમ, ઉપરોકત હકીકત ને ધ્યાને લેતાં, અમારી નજીકના HT એકસપ્રેસ ફીડર ફકત અન્ડરગ્રાઉન્ડ છે. જે ઉપરની હકીકત થી ધ્યાન પર આવેલ છે. આથી, અમોને પણ GUVNL ના સરકયુલર પ્રમાણે અન્ડરગ્રાઉન્ડ કેબલ દ્વારા જ આપીને પાવર સપ્લાય આપવામાં આવે એવી અમારી માંગણી વ્યાજબી છે. અને GUVNL ના સરકયુલર ના પોઈન્ટ નં–૫ અને૬ મુજબ છે. આથી, અમારી HT લાઈન અન્ડરગ્રાઉન્ડ પ્રપોઝ કરી આપવા વિનંતી.

(૨) મીરીયા ઈન્ડસ્ટ્રીઝ ને 4000 KVA HT નવા વિજ જોડાણ ની માંગણી કાર્યપાલક ઈજનેરશ્રી, રૂરલ ડિવિઝન, ભાવનગર ને કરતા, તેમના દ્વારા ઓવરહેડ લાઈન પ્રપોઝ કરવામાં આવેલ. તથા આગળ ઓવરહેડ લાઈન નાખવી

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ફીઝીબલ હોય, કાર્યપાલક ઈજનેર સાહેબ દ્વારા ઓવરહેડ લાઈન પ્રપોઝ કરેલ, છતાં પણ ચીફ ઈજનેર સાહેબ દ્વારા અન્ડરગ્રાઉન્ડ પ્રપોઝ કરવા જણાવવામાં આવેલ છે. તો પછી, અમોને શું કામ HT લાઈન અન્ડરગ્રાઉન્ડ માંગવા છતાં, પણ આપવામાં આવતી નથી. અમારી સાથે આવુ શું કામ ડબલ સ્ટાન્ડર્ડ અપનાવવામાં આવે છે.

(૩) કાર્યપાલક ઈજનેર સાહેબ દ્વારા અમારા યુનિટ ની HT લાઈન ઓવરહેડ પ્રપોઝ કરવામાં આવેલ, તે જ ગેરવ્યાજબી છે. જો, કાર્યપાલક ઈજનેર સાહેબ દ્વારા GUVNL ના તા.૦૬/૦૮/૨૦૨૦ ના સરકયુલરના પોઈન્ટ નં–૫ અને૬ ને ધ્યાને રાખી, અન્ડરગ્રાઉન્ડ લાઈન પ્રપોઝ કરવામાં આવી હોત તો, અને પછી મંજૂરી અર્થે આગળ મોકલવામાં આવતી કોઈ પ્રોબ્લેમ ન થાય, કારણ કે, HT લાઈન અન્ડરગ્રાઉન્ડ આપવી કે ઓવરહેડ તે કાર્યપાલક ઈજનેર સાહેબ ને નકકી કરવાનું છે. આથી, એમ કહેવું કે, આ ઓવરહેડ લાઈન ની પ્રપોઝલ ઉપરના અધિકારી દ્વારા મંજૂર કરવામાં આવી છે તે, ગેરવ્યાજબી છે. જો, કાર્યપાલક ઈજનેર સાહેબ દ્વારા કામ લાઈન અન્ડરગ્રાઉન્ડ પ્રપોઝ કરવામાં આવી હોય, અને ઉપરના અધિકારી ઓવરહેડ લાઈન પ્રપોઝ કરવાનું કહેવામાં આવે તો, તેનો જવાબ બરોબર છે. આથી, અમારી રજૂઆત છે કે, કાયપાલક ઈજનેર સાહેબે GUVNL ના સરકયુલર પ્રમાણે HT લાઈનની પ્રપોઝલ અન્ડરગ્રાઉન્ડ કેબલ ની કરે તેવી માંગણી છે.

(૪) પેઈન્ટ નં– ૪/૫/૬/૭ થી અમોને જવાબ આપવામાં આવેલ છે, તે વ્યાજબી નથી. ફકત કહેવામાં આવેલ છે કે, અમોએ નાણાંકીય જવાબદારી ને લીધે અન્ડરગ્રાઉન્ડ કેબલ થી HT લાઈન માંગવામાં આવેલ છે. આ જવાબ વ્યાજબી નથી. અમારા પોઈન્ટ ટુ પોઇન્ટ જવાબ આપવામાં આવેલ નથી.

આમ, ઉપરોક્ત હકીક્ત ને ધ્યાને લઈ, અમારી રજૂઆત ને ધ્યાને અમારી ફરીયાદ નો યોગ્ય નિકાલ વહેલીતકે લાવી આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

**<u>પ્રતિવાદીશ્રીની તા.૨૮/૦૯/૨૦૨૦ ની રજૂઆત :</u>**

1. The demand of 4000 KVA OF M/S. Steel biz Industries has been proposed from nearby 66 KV Nesda Sub Station.

**Following feeders are emanating from 66 KV Nesda S/S :**

11 KV feeders emanating from 66 KV Nesda S/S initial 300 mtr. U/G cable has been laid for elimination of feeders through a cable trench, as 11 KV overhead line is not technical feasible.

| Sr. No. | Name of 11 KV feeder | Network after 300 mtr. Trench Overhead/ underground/Hybrid |
|---|---|---|
| 1 | Khakhariya JGY | Overhead (only Road cross U/G) |
| 2 | Prayag HT Exp. | Overhead |
| 3 | SKY HT Exp. | Underground |
| 4 | Pramukhraj HT Exp. | Underground |
| 5 | Elaf HT Exp | Underground |
| 6 | Arsh Ind. | Hybrid(Underground+ Overhead) |
| 7 | Salasar HT | Underground |

Grievance Redres

As mentioned above, nearby area having both underground and Overhead feeders. There is no any 11 KV Overhead line exists where new line is proposed for this applicant, seems technically feasible. Hence, the proposal has been prepared as per Overhead line with U/G cable in initial trench in line with existing feeders and U/G has been proposed at road crossing only. On account of directives narrated under the latest Circular of PGVCL/5969 dtd.21.07.2020 and same has been confirm and concurred subsequently approval has been accorded from the competent authority as per DOP.

2. For the Miriya Industries Estimate was issued on dtd.26.06.2020. As per the directive under letter No.PGVCL/5969 it is clearly mandates the implementation date i.e. 07.07.2020.

3. All the procedure of the demand registered after this date(07.07.2020) has been proposed considering the directives given their under. Subsequently, proposal was surveyed/prepared with Overhead line along with U/G.

**For Point No. 4-9 :**

Vide various para from point 4-9, applicant has represented to revise estimate with underground line on virtue of considering financial aspects with cost of underground network. Although this office has proposed with Overhead/ Underground network after considering latest PGVCL letter No. 5969 dtd.21.07.2020 keeping point No. 5,6 and 7.

**Our Prayer :**

Considering the facts and PGVCL Circular, Estimate issued to applicant **M/S. Steel Biz** Industries vide No.EE/PGVCL/HT/ESTI/5590 dtd.27.08.2020 is in order.

**પ્રતિવાદીશ્રીની તા.૦૧/૧૦/૨૦૨૦ ની રજૂઆત :**

In Connection to the further representation made by M/S. Steel Biz Industries to your good self after hearing held on dt.30.09.2020. The necessary / required points to be comply from PGVCL side against additional submission made by M/S. Steel Biz Industries to forum are stated below.

**It is required to put up the fact that consumer is unnecessarily pressurized the forum to fulfill their movie.**

**Point No.1 :**

1 Intension / representation submitted / narrated is not clear.

2 & 3. All the procedure from registration up to release has been done as per prevailing rule of PGVCL, i.e. prior to the letter Corporate Office, Rajkot No. PGVCL/Comm./5969 dtd.21.07.2020 hence the fact put up against forum which is not acceptable.

Whatever contains shown under Para-1 is not related to forum case which is required to be flag – away.

**Points No.2 :**

M/S. Miriya Industries (HT Conn of 4000 KVA) again concern has wrongly quoted the case as there is no relevancy with the present forum case because,

Date of Registration : 03.06.2020.

Date of Issue to Estimate : 26.06.2020.

Date of Payment of Estimate : 29.06.2020.

It is clearly proven that the case of M/S. Steel biz Industries mandatorily lead to process as per the latest directive given under letter PGVCL/Comm./5969 dtd. 21.07.2020 i.e. forum is required to consider that the fact of M/S. Miriya Industries submitted by the concern is required to be flag away.

**Point No. 3 :**

Whatever procedure has been done from the Office, are as per concurred as per DOP and approved accorded from Competent authority and not from Rural Division Office, Bhavnagar.

**Point No.4 :**

It is requested to considered fact/reality that all the procedure/fact has been put up against the forum during the hearing held on dtd. 30.09.2020, so the contains put up before the forum are not required to be entertained.

From, PGVCL side/Rural Division, Bhavnagar has followed latest letter from Corporate Office No.PGVCL/Comm./5969 dtd.21.07.2020. As per the directive and cut off date shown under referred letter i.e. 07.07.2020. It is to put up for kind consideration that this office has made revised estimates to other HT Consumer's which were already issued prior to 21.07.2020 and after 07.07.2020.



Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

| Sr. No. | Name of Consumer | Load | Addl. Estimate Issue |
|---|---|---|---|
| 1 | Sitaram Construction<br>Survey No. 235p1p2<br>Village Bhadli, Ta. Sihor. | 250 KVA | Rs.2,44,768/- |
| 2 | Ranchhoddas Zinabhai Dholakiya<br>Plot No. 13 & 16 Industrial Plot,<br>Niranjan Dholakiya Road, Sihor. | 150 KVA | Rs.1,01,945/- |

Intension behind above fact that above consumer has already paid the revised Estimate amount on account of revised circular without any representation/objection.

Fact is that party has submitted technical data of feeder narrated but intentionally not shown fact of Arsh feeder, & Prayag feeder because the situation as against its aim and benefit.

## Forum's Findings:

On the basis of representations from Complainer and Respondent, documents produced before Forum and relevant Regulations, Forum's findings are under:

3.1 Complainer Steelbiz Industries has applied HT connection of 4000 KVA at Village: Ghnghali, Taluka: Shihor to Executive Engineer Bhavanagar Rural Division Office of Respondent PGVCL on 6.8.2020.

3.2 Respondent has issued estimate amounting Rs 811607/ towards Service connection charges and Line charges plus Rs 4573895/ towards Security Deposit charges to Steelbiz Industries, Complainer on 27.8.2020.

3.2 Respondent has proposed partly underground cable and majorly overhead line. Respondent has issued estimate on 'per KVA based charges' along with recovery of cost for proposed underground cable to Complainer. Complainer has represented Forum to direct Complainer to propose entire line of underground cable instead of overhead line, and issue estimate for full cost of underground cable. instead of 'per KVA based charges'.

3.3 GUVNL and PGVCL have issued these circulars, in accordance with order of GERC in Petition No. 1829 of 2019 and amendment in GERC (Licensee's Power to Recover Expenditure incurred in providing supply and other miscellaneous Charges) Regulations, 2005 and notified it as notification No. 3 of 2020 dated 20.6.2020, to levy of per KVA based charges from HT applicant applying New / Additional Load connection.

In view of this, Respondent has issued estimate as per their Corporate Office circular no. 5959 dtd 21.7.2020. Respondent has issued proposed and issued estimate for 0.350 km plus 0.085 km underground cable and 1.5 km overhead line for 11 KV HT power supply to complainer.

3.4 Complainer has invoked clause no. 5, 6 and 7 of PGVCL circular no. 5959 dated 21.7.2020 and order of GERC petition 1829/2019, and represented to issue estimates for entire length of underground cable, instead of fix charge for overhead line and full cost for underground cable.



Grievance Redressal
P.G.V.C.L.

3.5 Complainer has given the examples of Mirya Industries and others feeders whose power supply were released through underground cable.

3.6 In view of PGVCL and GUVNL circulars and order of GERC petition 1829/2019, it is observed that complainer has misinterpreted the circulars and order.

As per clause 7 of circular:

'If the HT new connection/additional load is proposed from an overhead network/feeder, the proposed HT line shall be erected overhead only. The underground cable line shall be laid only in those parts of the line route where erection of overhead line is technically not feasible. The actual cost of such underground part of the line with underground components shall be recovered as per actual cost incurred as per the prevailing practice over and above the per KVA based recovery of charges."

In view of this, Respondent has rightly proposed overhead line where overhead line is technically feasible and partly underground cable line where overhead line was not technically feasible. Complainer's demand for entire line with underground is not in accordance with circulars, GERC order and amendment in clause 5 (iii) and (iv) of Supply code notification vide No. 3 of 2020 dated 20.6.2020.

3.7 Respondent has proposed overhead line as there is technical feasibility for overhead line. Complainer has given the references of Mirya Industries and other connections. All these referred connections were released before issuance of PGVCL Circular and GERC order and in context to prevailing norms at that time; even Respondent has revised some estimates (for underground cable), issued to some applicants between period 7.7.2020 and 21.7.2020, as per PGVCL circular no 5959 dated 21.7.2020.

3.8 In view of above observations, representations from Complainer and Respondent and documents put up before Forum, it is concluded that the estimate given [redacted] to Steelbiz is in order.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." 3.૭. " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**ગેરહાજર**
**(પી. એન. અજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૩૦/૦૯/૨૦૨૦.